मन की बात 100

MANN KI BAAT 100

# મન કી બાત

ભાગ.૨



# મન કી બાત

## ભાગ.૨

**Authors**
Sharda Mohan and Shashi Mukherjee

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

Gujarati

ISBN – 978-81-19242-64-1

Amar Chitra Katha Pvt. Ltd, June 2023

© Ministry of Culture, Govt of India, June 2023
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.



આપણે કોવિડ - ૧૯ મહામારીના સૌથી ખરાબ સમયમાંથી પસાર થયા છીએ. તે એવો સમય હતો જ્યારે આપણે બધાને પરિવારો સાથે બહુ લાંબા સમય સુધી ઘરમાં જ રહેવાની ફરજ પડી હતી. તે દરમિયાન આપણામાંના અમુક લોકો માટે તે સારો સમય હતો. આપણે આપણા માતા-પિતા, ભાઈ-બહેનો અને આપણી સાથે રહેવાવાળા લોકોની નજીક આવી શક્યા. પરંતુ આપણામાંના ઘણા લોકો માટે તે મુશ્કેલ સમય પણ હતો. ઘણાંબધા દિવસો સુધી એકસાથે આટલા નજીક કેવી રીતે રહી શકાય?

આ સમયે આપણને સમજાયું કે આપણી કેટલીક પરંપરાઓ જે આપણને એક કુટુંબ તરીકે એક સાથે બાંધી રાખતી હતી, દુર્ભાગ્યે ઘણાં વર્ષોથી તેની અવગણના કરવામાં આવી છે. આ પરંપરાઓ વગર અમુક પરિવારોને એકજૂથ રહીને ખુશી મેળવવી મુશ્કેલ લાગી.

વાર્તા કહેવાની એક પરંપરા એવી હતી જેણે આપણને જોડી રાખ્યા હતા. વડીલો દ્વારા કહેવામાં આવતી વાર્તાઓ પરિવારમાં આનંદ, ઊર્જા અને એકતાનો ભાવ ઉમેરતી.

વાર્તાઓ સર્જનાત્મકતા અને સંવેદનશીલતાને બહાર લાવે છે. જ્યાં જીવ છે ત્યાં વાર્તા છે. જ્યારે હું યુવાન હતો ત્યારે હું ભારતભરમાં પ્રવાસ કરતો ને ગામેગામ ફરતો. હું હંમેશા ગામના બાળકો સાથે વાતો કરતો અને તેમને મને વાર્તા કહેવા માટે કહેતો.

તેઓ કહેતા, “ના કાકા, અમે તમને એક ગમ્મત કહેશું અને પછી તમે અમને એક ગમ્મત કહેજો.” મને આશ્ચર્ય થયું કે આ બાળકો વાર્તાઓના આનંદથી અજાણ હતા! ભારતમાં વાર્તા કહેવાની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. પછી તે વાર્તાઓ પંચતંત્રની હોય, હિતોપદેશની હોય કે કિસ્સા ગોઈ*ની હોય. એવી વાર્તાઓ જે આપણને સમજણ આપે છે અને મૂલ્યો શીખવે છે.

આજે, એવા ઘણા લોકો છે જેમણે પોતાનું વાર્તા કહેવાનું મંચ તૈયાર કર્યું છે. અમર વ્યાસ અને તેના મિત્રોએ મળીને Gaathastory.in નામની એક વેબસાઈટ શરૂ કરી છે. વૈશાલી વ્યવહારે દેશપાંડે ગામના લોકોની અને ખેડૂતો વિશેની વાર્તાઓને લોકપ્રિય બનાવે છે. બેંગલુરુના વિક્રમ શ્રીધરને બાપુની વાર્તાઓ કહેવાનું પસંદ છે. ચેન્નાઈની શ્રીવિદ્યા વીરરાઘવન અને Kathalaya.org વેબસાઈટની ગીતા રામાનુજમ પણ ઉત્તમ વાર્તાકારો છે

ચાલો આપણે નાયર સાહેબ સાથે તેમની શાળામાં જોડાઈએ, અને તેઓ આપણને વાર્તાકારો વિશેની અને મારા કાર્યક્રમ મન કી બાતમાંથી બીજા અમુક પ્રેરણાદાયી લોકો વિશે વધુ વાર્તાઓ કહેશે.



*પ્રાચીન ઉર્દુ વાર્તાકલા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | વિવિધ વાર્તાઓ વિશે | ૩ |
| ૨ | વીરેન્દ્ર યાદવ | ૭ |
| ૩ | ઉષા દુબે | ૧૦ |
| ૪ | ટી. શ્રીનિવાસાચાર્ય | ૧૩ |
| ૫ | અનુદીપ અને મિનુશા | ૧૫ |
| ૬ | સલમાન | ૧૮ |
| ૭ | એન.એસ. રાજપ્પન | ૨૦ |
| ૮ | સી. વી. રાજુ | ૨૩ |
| ૯ | ભગીરથી અમ્મા | ૨૬ |
| ૧૦ | રાજેન્દ્ર જાધવ | ૨૮ |
| ૧૧ | ગાયત્રી | ૩૦ |

# વિવિધ વાર્તાઓ વિશે



ઉનાળાની રજાઓ પૂરી થઈ અને બધાં બાળકો ફરી શાળાએ જવા લાગ્યાં.
અરે ઇકબાલ! ઊભો રહે.
શ્રેયસ! તને જોઈને સારું લાગ્યું.
સુપ્રભાત, નાયર સાહેબ!
સુપ્રભાત, શારદા. સાંભળો, છોકરાઓ! હું તમને બધાને હંમેશની જેમ વર્ગના અંતિમ સમયગાળામાં મળીશ.
ઘણી બધી વાર્તાઓ સાથે?
હા હા હા! હા, ઘણી બધી વાર્તાઓ સાથે.
નાયર સાહેબ બધા બાળકોના ખૂબ પ્રિય હતા કારણ કે તેઓ તેમને વડાપ્રધાનના રેડિયો કાર્યક્રમ મન કી બાતની બધી જ ખૂબ રસપ્રદ વાર્તાઓ સંભળાવતા.
હંમેશની જેમ તેઓ સ્મિત કરતા અંદર આવ્યા.
નાયર સાહેબ, આજની વાર્તા કઈ છે?
આજની વાર્તા વાર્તાઓ વિશે છે.
એમ કેવી રીતે?


નાયર સાહબે બધાને તેમની જગ્યા પર બેસવાનું કહ્યું.
એકવાર મહામારીના લોકડાઉન દરમિયાન, આપણા વડાપ્રધાને "બેંગલોર સ્ટોરીટેલિંગ સોસાયટી"ના વાર્તાકારોના જૂથ સાથે વાત કરી હતી.
જેમાં અપર્ણા અથ્રેયા, શૈલજા સંપથ, સૌમ્યા શ્રીનિવાસન, અપર્ણા જયશંકર અને લાવણ્યા પ્રસાદ હતા. તેમાંના દરેક અલગ અલગ ક્ષેત્રમાં કાર્યરત હતા પણ તેમને વાર્તાઓ કહેવાનો શોખ હતો.
અને લાવણ્ય પ્રસાદ તો વડીલો સાથે બેસીને તેમની વાર્તાઓ તેમના પરિવાર માટે લખે છે!
હા, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના સમયે જ્યારે મારા દાદા નાના હતા ત્યારે તેમણે મુંબઈમાં ટ્રામની સવારી કરેલી એ તેમને હજીય યાદ છે. તે દિવસે બધી સવારી નિ:શુલ્ક હતી!
મારા દાદા આર્મીમાં હતા. તેમણે મને ભારત-ચીનના યુદ્ધ વિશે ઘણી વાર્તાઓ કહી છે જેમાં તેઓ લડ્યા હતા.
હું પણ મારા પરિવાર પાસેથી વાર્તાઓ ખોજીશ.
આ એક ઉત્તમ વિચાર છે. ચાલો આપણા પરિવારના વડીલો પાસેથી વાર્તાઓ એકત્રિત કરીએ અને અહીં વર્ગમાં એકબીજાને કહીએ. હવે, હું તમને એક એવી વાર્તા કહીશ જે તે દિવસે મન કી બાતના કાર્યક્રમમાં એક વાર્તાકારે કહી હતી.
હા! હા! ચાલો વાર્તા સાંભળીએ.



રાજા કૃષ્ણદેવરાય નારાજ હતા.
રોજ એક જેવા જ શાક! દુધી, કોળું, બટેટા! હું આનાથી કંટાળી ગયો છું. રસોઈયાને કહો કે કંઈક અલગ બનાવે નહીંતર હું તેને ફાંસીએ ચઢાવી દઈશ.
હંઅઅ!
બિચારો રસોઈયો દોડતો દોડતો રાજાના સલાહકાર તેનાલી રામન પાસે ગયો.
હું જે કંઈપણ બનાવું છું તેનાથી મહારાજ ખુશ નથી થતા. તેઓ મને ફાંસી આપી દેશે.
શાંત થાઓ! રડવાનું બંધ કરો અને મારી યુક્તિ સાંભળો.
બીજા દિવસે જમવાના સમયે -
આ ભાવે એવું હોય તો સારું નહીં તો....
આહા! સ્વાદિષ્ટ!
આ અદ્ભુત શાક કયું છે?
સાહેબ, તે રીંગણા છે તે તમારી જેમ રાજમુગટ અને જાંબલી ઝભ્ભો પહેરે છે!
આજથી મારા રાજ્યના તમામ લોકો માત્ર શાહી રીંગણા જ ખાશે.
હેં?
યુક્તિ કામ કરી રહી છે!


રાજ્યમાં રીંગણના ગાડાં ને ગાડાં લાવવામાં આવ્યા અને અન્ય તમામ શાકભાજીઓ અદૃશ્ય થઈ ગયા.
દરેક જગ્યાએ રીંગણાને વિવિધ રીતે રાંધવામાં આવી રહ્યા હતા.
મેં આજે રીંગણાનો સાંભાર બનાવ્યો છે. આવતી કાલે બેંગનભર્તા બનાવીશ. અને પરમ દિવસે રીંગણના લાડુ.
ઉત્તમ!
પરંતુ, થોડાં જ સમયમાં -
મહારાજ આ લો રીંગણ રાયતું.
સ્વાદિષ્ટ રીંગણ બિરીયા....
બસ! હવે વધુ રીંગણા નહીં. મારા રાજ્યમાંથી રીંગણાનો નિકાલ કરો!
ત્યારબાદ -
મારા પહેલાના શાકભાજી પાછા આવી ગયા! તમે કરી બતાવ્યું! તમારી યુક્તિ એકદમ ઉત્તમ હતી.
હા હા! જો હું મારા રાજાને કેવી રીતે ખુશ રાખવા તે જાણતો ન હોવ તો હું મંત્રી શું કામ નો?




* દાંડીઓ અને છોડના અન્ય અવશેષો કે જે અનાજની કાપણી કર્યા પછી જમીનમાં રહી જાય છે

ˆપિતા




*એક એવું મશીન જે ભૂસાને સંકુચિત કરીને તેની ગાંસડી બનાવી દે.

^છોડ અથવા પ્રાણીઓનો કચરો બાળીને મેળવાતી ઊર્જા

** એવાં કારખાનાઓ જે કૃષિ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરે છે.


કેટલાક વર્ષો પછી, વધુ ને વધુ ખેડૂતો વીરેન્દ્ર સાથે તેની પહેલમાં જોડાયા.
હું એક કૃષિ સંસ્થા શરૂ કરી રહ્યો છું જેમાં આપણે બધા એક ભાગ બની શકીએ. આપણને સરકાર તરફથી ઓછા ખર્ચે સાધનો મળશે.
તેણે ટૂંક સમયમાં બીજી પણ એક સંસ્થા શરૂ કરી તેમાં તેણે કૃષિ તથા કિસાન કલ્યાણ વિભાગ તરફથી ૮૦ ટકા અનુદાન (સબસિડી) મેળવ્યું. ઓછો ખર્ચ એટલે વધુ નફો.
તેની આ પહેલની સફળતાના સમાચાર રાજ્યભરમાં ફેલાઈ ગયા.
હેલો, હું છું કૈથલના ડેપ્યુટી કમિશનર સુજાન સિંહ. અભિનંદન.
દીકરા, નાયબ કૃષિ નિયામકશ્રી કરમચંદજીનો હમણાં જ તમારા કામની પ્રશંસા કરવા માટે ફોન આવ્યો હતો.
ઉનાળા દરમિયાન, જ્યારે પરાળ લણવા માટે તૈયાર હોય છે, ત્યારે વીરેન્દ્ર યાદવ તેમની મદદ માટે ૨૦૦થી વધુ લોકોને કામ પર રાખે છે.
મને તારા પર ગર્વ છે, દીકરા. તે બગાડને સંપત્તિમાં ફેરવી દીધું.
મને આનંદ થાય છે કે પરાળ બાળવાની સમસ્યા હલ થઈ ગઈ. આખરે, હવે હવા સ્વચ્છ લાગે છે.
ખરેખર. તારી માતાની તબિયત પણ સુધરી રહી છે.
વીરેન્દ્ર યાદવની વાર્તા કહેતી વખતે, વડાપ્રધાને કહ્યું કે જે રીતે સમસ્યારૂપ કચરો જેમ કે પરાળ એક ઉપયોગી ઊર્જા અને નફાકારક વ્યવસાયમાં રૂપાંતરિત થઈ તે પ્રશંસનીય છે.


ઉષા દુબે
દિલ્હીમાં તે દિવસે ખૂબ ગરમી હતી.
ઉફ્ફ... આવા દિવસે શાળાએ આવવું કંટાળાજનક છે.
મને ખબર છે! આના કરતાં ઑનલાઇન વર્ગો ઘણાં સારા હતા!
જ્યારે આપણે ઓનલાઈન વર્ગો ભરતા હતા, ત્યારે પણ તું તેના વિશે બડબડ કરતો હતો!
ઓનલાઈન વર્ગો અમુક લોકો માટે સારા હતા, તો અમુક બાળકોને ઘણું સહન કરવું પડ્યું હતું! આજે હું તમને 'કિતાબોંવાલી દીદી' વિશે જણાવીશ.
હુરે, હજી એક મન કી બાતની વાર્તા!
કોવિડ-૧૯ મહામારી દરમિયાન લોકડાઉનની જાહેરાત કરવામાં આવી, ત્યારે મધ્યપ્રદેશના સિંગરૌલી જીલ્લાની એક શાળાની શિક્ષિકા ઉષા દુબે ચિંતિત હતા.
શું ઓનલાઈન વર્ગો? આપણા બાળકો પાસે આવા વર્ગો માટે જરૂરી ઉપકરણો કે ઇન્ટરનેટ નથી. તેઓ કેવી રીતે અભ્યાસ કરશે?
તેમના વિદ્યાર્થીઓને પણ એવી જ ચિંતા થતી હતી.
તારા ઓનલાઈન વર્ગો કેવા ચાલે છે, મહિમા?
હું ધ્યાન આપવાનો પ્રયાસ કરી રહી છું પરંતુ ઑનલાઇન વર્ગોમાં ધ્યાન આપવું મુશ્કેલ છે, મિસ. દરેક જણ ઘરે હોય છે, તેથી મારું ધ્યાન પણ વિચલિત થઈ જાય છે.


ઉષાને તેમની વિદ્યાર્થીની મહિમા સિંહ સાથેની ચર્ચાથી એક ઉત્તમ વિચાર આવ્યો
મહિમા, જો બાળકો શાળાએ નથી જઈ શકતા તો ચલ તેમની પાસે શાળાને લઈ જઈએ.
તમે કહેવા શું માંગો છો, મિસ?
તેના સ્કૂટરનો ઉપયોગ કરીને ઉષાએ તેના વિદ્યાર્થીઓ માટે મોબાઇલ લાઇબ્રેરી*ની સ્થાપના કરી.
આ એક સરસ વિચાર છે!
ઉષા અને મહિમાએ ગામેગામ જઈને, પુસ્તકાલય સ્થાપ્યા અને વિદ્યાર્થીઓને ભણાવ્યાં
મને આ પાઠ્યપુસ્તક લાવી આપવા બદલ આભાર, દીદી!
શું તમને સમજાયું કે આપણા પાચનતંત્રમાં ખોરાક કેવી રીતે પચે છે?
હા! આ ગયા અઠવાડિયે અમારા ઓનલાઈન વર્ગમાં શીખવવામાં આવ્યું હતું પરંતુ ઈન્ટરનેટ યોગ્ય રીતે કામ કરતું ન હોવાને કારણે હું તેમાંથી મોટાભાગનું ચૂકી ગયો.
મહિમા દીદી, શું મેં આ દાખલો બરાબર ઉકેલ્યો છે?
હા, શાબાશ!




*'હિન્દીમાં પુસ્તકોવાળી બહેન

# ટી. શ્રીનિવાસાચાર્ય




* ધાર્મિક ગુરુ માટે એક આદરણીય ઉપાધિ

^ પવિત્ર શબ્દો અથવા શબ્દસમૂહો

**પૂજા

^^ મંદિરની દરરોજની ધાર્મિક વિધિઓ પરનું એક પુસ્તક




*તમિલમાં પિતા

^તમિલમાં દાદા

# અનુદીપ અને મિનુશા



વર્ગો આજે સ્વચ્છ દેખાય નથી રહ્યા. પરિસર પણ ગંદા દેખાય છે.
સાહેબ, બેયો સફાઈ કર્મચારી મહિલાઓની તબિયત ખરાબ છે. તેઓ છેલ્લા બે દિવસથી આવતા નથી.
અમે અમારો વર્ગ સાફ કર્યો પરંતુ શાળા બહુ મોટી છે. અમે આખી શાળા કેવી રીતે સાફ કરી શકીએ?
જો તમે બધા એકજૂથ થાવ તો આખી શાળાની સફાઈ શક્ય છે. ચાલો હું તમને અનુદીપ અને મિનુશા વિશે કહું જેમણે આખો દરિયા કિનારો સાફ કર્યો. આપણા વડાપ્રધાનને પણ તેમની વાર્તા પ્રેરણાદાયી લાગી.
નવેમ્બર ૨૦૨૦માં, કર્ણાટકના બૈનદૂરમાં, અનુદીપ હેગડે અને મિનુશા કંચનનાં લગ્ન થયાં.
સદાય ખુશ રહો!
કોવિડ - ૧૯ હોવા છતાં આ એક સુંદર સમારોહ છે.
થોડાં સમય પછી -
હું વિચારતો હતો કે આપણે આપણા હનીમૂન માટે લક્ષદ્વીપ જશું.
હું હિમાચલ જવા માંગતી હતી. પરંતુ દરેક જગ્યાએ કોવિડને લીધે મુસાફરી જોખમી બની ગઈ છે.
ક્યાંય જઈ ન શકવાથી દંપતીએ નજીકના સોમેશ્વરના દરિયાકાંઠે તેમની સાંજ વિતાવવાનું નક્કી કર્યું.
મને અહીં ગમે છે.
હા. સૂર્ય અને રેતી સાથે, લોકડાઉન એટલું પણ ખરાબ નથી લાગતું.




* કર્ણાટકના કુંદાપુરમાં મિત્રોના જૂથ દ્વારા નાગરિકોની આગેવાની હેઠળ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. હવે, ઘણા સ્વયંસેવકો તેમનો રવિવાર આ અભિયાન માટે સમર્પિત કરે છે.


થોડા દિવસો પછી -
ખરાબ ન કહેવાય. મોટા ભાગનો દરિયા કિનારો આપણે સાફ કરી લીધો હોય એવું લાગે છે.
આપણે ખરેખર મોટાભાગની સફાઈ કરી છે. પરંતુ હું ઈચ્છું છું કે વધુ લોકો આપણી સાથે જોડાય.
મને એક રસ્તો ખબર છે!
અનુદીપે સોશિયલ મીડિયા પર તેમની પહેલ વિશે જણાવ્યું.
થોડાં સમયમાં -
હું મંજુનાથ છું.
હું હસન છું. અમે આ સ્વચ્છતા અભિયાનમાં તમારી સાથે જોડાવા માંગીએ છીએ.
આ અદ્ભુત કહેવાય!
થોડાં સમયમાં, વધુને વધુ લોકો તેમની સાથે સ્વૈચ્છિક રીતે જોડાયા.
તેઓએ સાથે મળીને ૮૦ ટકા દરિયાકાંઠો સાફ કર્યો અને લગભગ ૮૦૦ કિલો કચરો એકઠો કર્યો.
જુઓ દરિયાકાંઠો કેટલો સુંદર લાગે છે.
તે ફરીથી શ્વાસ લઈ રહ્યું હોય એવું લાગે છે.
થોડા દિવસો પછી -
આપણે હજી ઘણું બધું કરી શકીએ છીએ! રાતના સમયે એક ફિલ્મનું આયોજન કરીએ તો કેવું? આપણા સ્થાનિક માછીમારોને દરિયાઈ જીવન વિશેની ફિલ્મ દેખાડવી જોઈએ.
હા કેમ નહીં! આપણું કામ અહીં જ પૂરું થતું નથી. ખરેખરમાં તો આ હજી શરૂઆત છે.
અનુદીપ અને મિનુશા તેમનું આ સારું કાર્ય ચાલુ રાખે છે. તેમનું સૂત્ર છે, "સાથે મળીને આપણે બદલાવ લાવીએ".

# સલમાન



સાહેબ, મારા કાકાએ એક અકસ્માતમાં પોતાનો પગ ગુમાવ્યો અને તેમને રોબોટના પગ જેવો કૃત્રિમ પગ લગાવવામાં આવ્યો છે, પરંતુ તેની સાથે ચાલવું તેમને મુશ્કેલ લાગી રહ્યું છે.
હા, સુજીત. તેની આદત પડવા માટે થોડો સમય લાગી શકે છે.
મેં એક રમતવીર વિશે સાંભળ્યું છે જેણે એક કૃત્રિમ અંગ સાથે સ્પર્ધાઓ જીતી હતી.
તે સાચું કહ્યું, પારુલ. શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોએ મોટી સફળતા પ્રાપ્ત કરી છે. આજની આપણી વાર્તા સલમાન વિશે છે જે ચાલવામાં અસમર્થ હોવા છતાં એક સફળ ઉદ્યોગપતિ બન્યો.
સલમાનનો જન્મ ઉત્તર પ્રદેશના હમીરપુર નામના ગામમાં થયો હતો. જ્યારે તે ખૂબ નાનો હતો -
સલમાનને બહુ જ તાવ છે અને તે સતત રડી રહ્યો છે.
ચાલ તેને હોસ્પિટલ લઈ જઈએ.
થોડાં સમયમાં -
સલમાનને પોલિયોની અસર થઈ છે. તેના સ્નાયુઓ ઢીલાં થઈ શકે છે, તેની ચાલવાની ક્ષમતામાં અસર થઈ શકે છે.
અરેરે, તે આ દુનિયામાં કેવી રીતે ટકશે?
જો કે વર્ષો પસાર થતા સલમાનના પગ ઢીલાં પડયા પરંતુ તે મજબૂત મનોબળ ધરવતા મોટો થયો. જ્યારે તેણે ધોરણ બારની પરીક્ષાઓ પૂર્ણ કરી -
હવે હું પગભર થવા માંગુ છું, મા. હું સરકારી નોકરી માટે અરજી કરવાનું શરૂ કરીશ.


તેણે ઘણાં પ્રયત્નો કર્યા પણ તેને ક્યાંય કામ મળ્યું નહીં. એક દિવસ -
જો કોઈ મને નોકરી આપવા માંગતું નથી, તો હું મારી પોતાની કંપની શરૂ કરીશ.
આગામી અમુક વર્ષોમાં, સલમાન ચપ્પલ અને ડિટર્જન્ટ બનાવવાનું શીખી ગયો. લોનની મદદ લઈને તેણે 'ટાર્ગેટ' નામની એક કંપની શરૂ કરી.
આવો, હું તમને ચપ્પલ કેવી રીતે બનાવવા તે બતાવીશ.
કંપની પ્રસિદ્ધ થઈ ગઈ. એક દિવસ -
મેં અકસ્માતમાં એક હાથ ગુમાવ્યો હોવાથી મને ક્યાંય નોકરી નથી મળી રહી. શું તમે મને નોકરી આપી શકશો?
ચલો જોઈએ કે તમે અહીં શું કરી શકો છો. બધાને કામ કરવાની અને સફળ થવાની સમાન તક મળવી જોઈએ.
આગામી બે વર્ષોમાં, સલમાને ઘણાં એવા શારીરિક વિકલાંગોને નોકરી આપી.
હવે આપણી સાથે ૩૦ વિકલાંગ લોકો કામ કરી રહ્યા છે. હું આવા અન્ય ઘણા લોકોને કામ આપવાની આશા રાખું છું.
મન કી બાતમાં આપણા વડાપ્રધાને સલમાનની વાર્તા કહી હતી.
સલમાન ભાઈ, વડાપ્રધાને તમારા સાહસની પ્રશંસા કરી છે.
તમે અમારા માટે એક પ્રેરણારૂપ છો..
આભાર!

# એન.એસ. રાજપ્પન




*કેરળમાં એક પ્રખ્યાત તળાવ અને પ્રવાસીઓ માટેનું એક લોકપ્રિય સ્થળ


જ્યારે રાજપ્પને હોડી ચલાવવાનું શરૂ કર્યું -
પ્લાસ્ટિક માછલી? શું હું પણ તેને જોઈ શકું છું, રાજપ્પન ?
ચોક્કસ! કૂદકો માર.
થોડી વારમાં -
જો, આ મારા આખા દિવસની મહેનત છે! ચાલો, પ્લાસ્ટિક. ચાલો તમને અહીંથી બહાર લઈ જઈએ.
ઓહ, તો આ પ્લાસ્ટિકની માછલીઓ છે?
થોડા કલાકો પછી -
તળાવ હવે એકદમ સ્વચ્છ દેખાય છે. તમે આ કરવા માટે ખૂબ બહાદુર છો, જો કે તમારા...
....મારા પગ મને સાથ નથી આપતા, પરંતુ મારા માટે હોડી ચલાવવી સરળ છે, હું પ્લાસ્ટિકને પાણીમાંથી બહાર નીકાળું છું અને તેમાંથી કમાણી પણ કરું છું.
બપોરના સમયે, તેમણે જમવા માટે વિરામ લીધો
તમે કેટલા સમયથી આ કરી રહ્યા છો? શું આ કરવામાં અતિશય મહેનત નથી લાગતી?
પાંચ વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ એની મને કોઈ ફરિયાદ નથી. તળાવ મારું ઘર છે. તેને સ્વચ્છ જોઈને મને બહુ સંતોષ થાય છે.
તેઓ ખૂબ જ નિઃસ્વાર્થી છે.


ઘણા કલાકો સુધી સફાઈ કર્યા પછી, રાજપ્પને તેની બોટને કિનારે લાંગરી દીધી.
હવે શું કરશો?
હું પ્લાસ્ટિકને અલગ કરીશ અને ધ્યાન રાખીશ કે તે ફરી પાણીમાં ન જાય. શું તું મારી સાથે જોડાવા ઈચ્છે છે?
ચોક્કસ.
ત્યારબાદ -
રાજપ્પન સાહેબ, શું હું આવતીકાલે અને પરમ દિવસે પ્લાસ્ટિક ભેગું કરવામાં તમારી સાથે જોડાઈ શકું છું?
ચોક્કસ દિકરા. આપણે સાથે મળીને એક મોટો બદલાવ લાવી શકીએ છીએ.
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં રાજપ્પનનો ઉલ્લેખ કર્યો હતો અને પાણીને પ્લાસ્ટિક પ્રદૂષણથી બચાવવા માટેના તેમના અથાક પ્રયાસોની પ્રશંસા કરી હતી. ત્યારબાદ -
રાજપ્પન, અમારી પાસે તમારા માટે કાંઇક ખાસ છે.
સાહેબ, તમારા કામની સરાહના કરવા માટે અમે તમને આ નવી મોટરબોટ અને વ્હીલચેર ભેટમાં આપવા માંગીએ છીએ.
પોતાની નવી મોટરબોટ વડે રાજપ્પને માત્ર વેમ્બનાદ તળાવને જ નહીં પરંતુ તે વિસ્તારના અન્ય જળસ્થળોની પણ સફાઈ કરવાનું ચાલુ કર્યું.

# સીવી. રાજુ




*આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ જિલ્લામાં સ્થિત


પરંતુ જ્યારે રાજુ ભણીગણીને પાછો આવ્યો ત્યાં સુધીમાં તો પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી -
બાળકો પ્લાસ્ટિકના રમકડાંથી કેમ રમે છે?
તે બનાવવામાં સસ્તાં હોય છે. કારીગરો પણ અન્ય નોકરીઓ શોધવા માટે ગામ છોડીને શહેર જઈ રહ્યા છે.
રાજુની અંદર છુપાયેલો એક તેજસ્વી આંખોવાળો છોકરો જે એટીકોપ્પાકા રમકડાં સાથે મોટો થયો હતો તેણે આનો વિરોધ કર્યો. આ વાતથી તે કંઈક કરવા માટે પ્રેરાયો.
તેણે કારીગરો માટે 'પદ્માવતી એસોસિએટ્સ' નામની સહકારી સંસ્થાની સ્થાપના કરી.
આ પ્રાચીન હસ્તકલા આપણા ગામનું હૃદય છે. શું આપણે તેને મરવા દેશું?
તેમને મોટા પાયે ઉત્પાદિત થતી સસ્તી નકલો સાથે સ્પર્ધા કરવી પડી પરંતુ તેઓએ હાર માની નહીં.
અંકુડુ નામનું લાકડું એટલું નરમ હોય છે કે તેને તોડ્યા વિના સરળતાથી આકારમાં છીણી શકાય.
ચલો વધુ અંકુડુ લાકડું મેળવવા માટે વન વિભાગ સાથે કામ કરીએ.
જેમ જેમ ઉત્પાદન વધતું ગયું તેમ તેમ રાજુ રમકડાંને દેશભરના વેપાર મેળાઓ અને પ્રદર્શનમાં લઈ ગયો.
હું આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસ કરવા માટે મોટો ઓર્ડર આપવા માંગુ છું.
આ આપણી મોટી તક છે!
પરંતુ આ ઉજવણી થોડી વાર જ ટકી. માલ ટૂંક સમયમાં પાછો મોકલવામાં આવ્યો હતો.
તેઓ કહે છે કે તેમને રંગોમાં સીસું હોવાના પુરાવા મળ્યા છે.
આધુનિક સિન્થેટિક રંગોની સમસ્યા આ જ છે.
પરંપરાગત પધ્ધતિ પર પાછા ફરવાનો સમય આવી ગયો છે.




*જ્યોગ્રોફીકલ ઈન્ડીકેશન (Gi) ચિન્હ એવા ઉત્પાદનોને સૂચવે છે જે પોતાના સ્થાનોના ગુણો કે પ્રતિષ્ઠા ધરાવે છે જ્યાં તેમનું નિર્માણ થયું છે.

^ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર

# ભગીરથી અમ્મા



એક સરસ સમાચાર છે! ટૂંક સમયમાં જ હું વનસ્પતિશાસ્ત્રની મારી પરીક્ષાઓ પૂર્ણ કરીશ. તો જ્યારે આપણે પ્રકૃતિની સહેલગાહ કરવા જશું ત્યારે હું તમને છોડ અને વૃક્ષો વિશે શીખવી શકીશ.
સાહેબ, તમે હજુ ભણો છો? તે કેવી રીતે શક્ય હોય?
મને નહોતી ખબર કે મોટા થયેલા શિક્ષકો પણ અભ્યાસ કરી શકે છે!
કેમ નહીં, પુખ્ત વયના લોકો પણ અભ્યાસ કરી શકે છે. તાજેતરમાં જ મન કી બાતમાં મેં એક ૧૦૫ વર્ષના વૃદ્ધા વિશે સાંભળ્યું જેમણે અભ્યાસ કર્યો અને પરીક્ષાઓ પણ આપી.
સાચું કહ્યું, શારદા. તેમનું નામ ભગીરથી અમ્મા છે. બધા બેસી જાઓ હું તમને તેમની વાર્તા કહીશ.
ભગીરથી કેરળના પ્રક્કુલમ ગામમાં રહેતા હતા. તેમને વાંચવા-લખવાનું ગમતું હતું. પરંતુ જ્યારે તેઓ આઠ વર્ષના થયા ત્યારે તેમની માતાનું અવસાન થઈ ગયું.
શું તું શાળાએ નથી આવતી ભગીરથી?
ના. હવે, તેને ઘર અને તેના ભાઈ-બહેનોનું ધ્યાન રાખવું પડશે.
મારે ભણવું છે.
ભગીરથી ક્યારેય ફરી શાળા જઈ શકી નહીં. ત્યારબાદ, તેના લગ્ન થયા અને તેને છ બાળકો થયા. પછી, તેના પતિનું અવસાન થઈ ગયું.
હું તમારા ભણતર પર કોઈ અસર થવા દઈશ નહીં.
અમ્મા, અમે ખૂબ અભ્યાસ કરશું અને તમને અમારા પર ગૌરવ થશે!
જેમ જેમ તેના બાળકો મોટા થયા -
શું હું આ પુસ્તક વાંચી શકું? જો હું તેને ના સમજી શકું તો શું તમે મને મદદ કરશો?
ચોક્કસ, અમ્મા
અમ્મા, પહેલા આ પુસ્તક વાંચો. આ ખૂબ જ રસપ્રદ છે



ભગીરથી અમ્માની ભણવાની ઈચ્છા અધૂરી રહી ગઈ. ૨૦૧૯માં, જ્યારે તેઓ ૧૦૫ વર્ષના હતા -
જુઓ અમ્મામા*, કેરલા સ્ટેટ લિટરસી મિશન એવા પુખ્ત વયના લોકો માટે એક યોજના લાવી રહી છે જેઓ તેમનું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી!
શું હું અત્યારે પણ ભણી શકું? શું આ મારા માટે એક તક હોય શકે!
મોટી વયની હોવા છતાં ભગીરથી અમ્માએ ભણવાનું નક્કી કર્યું.
મારે ઘણું ભણવાનું છે. મારે સારું કરી દેખાડવું છે.
મને ખાતરી છે કે તમે કરશો, અમ્મામા. તે છતાંય અમે બધા પણ તમારા માટે અહીંયા છીએ.
મહિનાઓની મહેનત પછી ભગીરથી અમ્માએ ગણિત, મલયાલમ અને પર્યાવરણ વિજ્ઞાનની પરીક્ષા આપી.
થોડાં સમયમાં -
અમ્મામા, તમે કરી દેખાડ્યું! તમે ૨૭૫માંથી ૨૦૫ ગુણ મેળવ્યા છે!
જુઓ, મેં તમને કહ્યું હતું ને! હું ભલે વૃદ્ધ હોઉં, પણ ભણવા માટેનો મારો જુસ્સો હજી જુવાન છે.
૨૦૧૯માં, ભગીરથી અમ્માને નારી શક્તિ પુરસ્કારથી નવાજવામાં આવ્યા, જે ભારતમાં મહિલાઓ માટેનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.
मन की बात
જો આપણે જીવનમાં કંઈક પ્રાપ્ત કરવા ઈચ્છતા હોઈએ, તો પહેલી શર્ત એ હોવી જોઈએ કે આપણી અંદરનો વિદ્યાર્થી ક્યારેય મરવો જોઈએ નહીં.


મલયાલમમાં *'દાદી'

# રાજેન્દ્ર જાધવ



શું તમે લોકો ખુશ નથી કે હવે કોવિડથી આપણને કોઈ મોટો ખતરો નથી?
બિલકુલ, સાહેબ! તેનો પૂરેપૂરો શ્રેય આપણને સુરક્ષિત રાખવા માટે કામ કરનારા તે તમામ લોકોને જાય છે.
ખરેખર! આપણે આરોગ્ય કર્મચારીઓના ખૂબ જ ઋણી છીએ જેમણે આપણને સુરક્ષિત રાખવા સખત મહેનત કરી. ચાલો હું તમને રાજેન્દ્ર જાધવના યોગદાનની વાર્તા કહું.
શું આ એક મન કી બાતની વાર્તા છે?
નાયર સાહેબે સ્મિત સાથે માથું હલાવ્યું.
૨૦૨૨માં, મહારાષ્ટ્રના સટાણા ગામમાં, એક ૬૨ વર્ષીય વ્યક્તિ ઉદાસ થઈને સમાચાર જોઈ રહ્યા હતા.
... નાસિક કોવિડ-૧૯નું રેડ ઝોન બની ગયું છે.
મારું શહેર જોખમમાં છે.
તેઓ રાજેન્દ્ર જાધવ હતા, જે કૃષિ સાધનોના ઉત્પાદનનો વર્ષોનો અનુભવ ધરાવતા સ્વ-શિક્ષિત એન્જિનિયર હતા.
તમારા હાથ ધોવાનું અને માસ્ક પહેરવાનું યાદ રાખજો!
નાના પાયે જંતુનાશક પ્રક્રિયા પૂરતી નહીં પડે. આ વાયરસના ફેલાવાને રોકવા માટે આપણે મોટા પાયે કંઈક કરવું જોઈએ.




*એનઆઈએફ એક એવી સંસ્થા છે જે સામાન્ય ક્ષેત્રોમાં થતી તકનીકી શોધોને ચકાસીને તેનું સમર્થન કરે છે.




*ઇન્ફોર્મેશન ટેકનોલોજી




*ગાયત્રીના પિતા કાસીલિંગમ મિકેનિકલ એન્જિનિયર હતા.


આપણે આ પટ્ટીઓ વડે પૈડાંને વીરાના શરીર સાથે જોડી દેશું. પરંતુ આ પીવીસી પાઈપ શા માટે છે?
વીરાને ચાલવા-દોડવામાં સરળતા રહે તે માટે હું પાઈપ વડે તેનો કૃત્રિમ પગ બનાવું છું.
સરસ. વીરાને આરામદાયક લાગે એટલે જ્યાં પાઈપ તેના શરીરને અડશે ત્યાં હું કોઈ પોચી વસ્તુ નાખીશ.
થોડાં સમયમાં -
હવે કૂતરા માટેની આ ગાડી તપાસી જોઈએ. હલ નહીં વીરા!
માત્ર થોડા દિવસોના પ્રયત્નો પછી -
વીરાની ચાલ જુઓ!
તે આરામથી દોડી રહ્યો છે.
તારા મિત્રમાં બહુ ઊર્જા છે.
આભાર! તેણે બહુ મહેનત કરી છે!
ગાયત્રી આશા કરે છે કે વધુ લોકો વિકલાંગ પ્રાણીઓને અપનાવે અને તેમના જીવનની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરે.



# મન કી બાત

## ભાગ.૨

મન કી બાતનો બીજો ભાગ એકતાની શક્તિની ઊજવણી કરવાનું ચાલુ રાખે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમમાં એવા ઘણાં સ્ત્રી-પુરુષોના યોગદાનને ઉજાગર કર્યા છે જેમણે તેઓના જીવનમાં ચમત્કાર સર્જ્યા છે.

આ વાસ્તવિક જીવનના નાયકોની વાર્તાઓ છે.

ભગીરથી અમ્માને બાળપણમાં તેમના ભાઈ-બહેનોની સંભાળ રાખવા માટે શાળાનું ભણતર છોડવું પડ્યું હતું. ૧૦૫ વર્ષની ઉંમરે જયારે તેઓ પરદાદી હતા ત્યારે તેમણે અભ્યાસ કરીને ચોથા ધોરણની પરીક્ષાઓ પાસ કરી.

એન.એસ. રાજપ્પનન જયારે પાંચ વર્ષના હતા ત્યારે તેમને પોલિયો થયો હતો. બેજવાબદાર પ્રવાસીઓએ વેમ્બનાદ તળાવને પ્લાસ્ટિકની બોટલો અને પેકેટો દ્વારા પ્રદુષિત કરી નાખી હતી. ત્યારે એન.એસ. રાજપ્પનને ૬૩ વર્ષની ઉંમરે પગ સાથ ન આપતા હોવા છતાં તળાવ સાફ કરવા માટેની જવાબદારી લીધી.

ઉષા દુબેને સમજાયું કે કોવિડ લોકડાઉન દરમિયાન ગરીબ ઘરોના બાળકો માટે ઑનલાઇન વર્ગો ભરવા શક્ય નથી. તેથી તે લોકો માટે તેઓ તેમના સ્કૂટર પર શાળાના વર્ગો લઈ ગયા.

બદલાવ લાવવા માટે ખૂબ પૈસા કે પદવીની આવશ્યકતા નથી. તે આ નાયકોએ સાબિત કરી બતાવ્યું છે.



₹90

www.amarchitrakatha.com
ISBN 978-81-19242-64-1
9 788119 242641